જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૧૨/૨૦૧૯ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૯૨/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

### રામોલ પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશન ના આરોપીની પાસા અટકાયત કરતી રામોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૪૯૦/૨૦૧૯ તા.૨૪/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી શ્રી **અરવિંદભાઇ બચુભાઇ જાતે રાઠોડ ઉ.વ.૩૪ ધંધો.મજુરીકામ રહે.મ.ન.૪/૩૨ સ્વસ્તીક ચાર માળીયા અમરાઇવાડી અમદાવાદ શહેર** નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૪/૧૨/૨૦૧૯ ના ક.૨૧/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



## રખીયાલ પોલીસ સ્ટેશન :

## પાસા હેઠળ અટકાયત કરવા બાબત (પ્રોહિબીશન)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર ૨ સાહેબ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૫ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ રખિયાલ પો.સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા આરોપી સત્યમ ઉર્ફે સાહીલ સ/ઓ ભેરજીભાઇ ઠાકોર ઉ.વ ૨૧ રહે મ.નં-૪ સોનેરીયાની ચાલી બાપુનગર અમદાવાદ શહેરના વિરૂધ્ધમા પીસીબી/ડીટીએન/પાસા/૧૪૯૧/૨૦૧૯ તા.૨૪/૧૨/૨૦૧૯ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમા રહેવાનો હુકમ કરતા સદરી આરોપીને આજરોજ તા ૨૪/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે.



## સરદારનગર પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી સ્ત્રી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ **કવિતા મુન્ના ઉર્ફે પકોડા હઠીંસીંહ છારા ઉ.વ.૫૩ રહે- મહાજનીયાવાસ નરોડા પાટીયા કુબેરનગર અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૯૨/૨૦૧૯ તા-૨૪/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા.૨૪/૧૨/૧૯ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

પાસા અટકાયતીનુ નામ- કવિતા મુન્ના ઉર્ફે પકોડા હઠીંસીંહ છારા ઉ.વ.૫૩ રહે- મહાજનીયાવાસ નરોડા પાટીયા કુબેરનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭
(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧

**નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૯૮ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.**



## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ **તા.૨૪.૧૨.૧૯** ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા મિલ્કત સંબધી-૧ , પ્રોહીબીશન-૩ મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી આ ઇસમોને રાજયની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.